**:: પ્રતિવાદી નં –૩ ની આંક – ૩૭૪ ની અરજી લગત હુકમ::**

(૧) પ્રતિવાદી નં.૩ નાએ હાલની અરજી આપી એવી રજુઆત કરેલ છે કે તેઓ પ્રતિવાદી નં.૧ ની ઉલટતપાસ કરવા માંગે છે. જેની વિગતો નીચે મુજબ છે.

પ્રતિવાદીઓએ વાદીને તારીખ ૦૩/૦૧/૧૯૯૦ ના રોજ બાનાખત કરી આપેલ ત્યારથી અને ત્યારબાદ વખતો વખત કલમ ૨૧ મુજબ પરવાનગી લેવા માટે અને સહીઓ કરી આપવા જણાવ્યુ તેમજ કલમ ૨૦ મુજબ સહીઓ કરી આપવા જણાવ્યુ તેમ છતા પ્રતિવાદીઓનો ઈરાદો લાગતો નથી છેવટે તારીખ ૨૮/૧૨/૧૯૯૩ ના રોજ બાકીની રકમ આપી દેવા જણાવ્યુ. તે વખતે પણ તેમણે ઈન્કાર કર્યો તેથી દાવાનું કારણ ઉત્પન્ન થયેલ છે.

સદરહુ દાવાના કામે હાલના પ્રતિવાદી નં. ૧ અને ૨ નાઓએ નિ. ૨૫ થી દાવાનો જવાબ રજુ કરેલ છે. જયારે પ્રતિવાદી નં.૩ નાએ દાવાનો જવાબ નિ. ૧૭૭ થી આપેલ છે. બન્નેએ અલગ અલગ જવાબ આપેલા છે જેથી પ્રતિવાદી નં. ૧, ૨ અને ૩ ના હિતો વિરોધાભાસી છે. એટલુ જ નહી પ્રતિવાદી નં.૧, ૨ નાઓએ વાદીની તરફેણમા તારીખ ૦૩/૦૧/૧૯૯૦ ના રોજ અનુક્રમ નં. ૧૫૪ થી બાનાખત કરી આપેલ છે. તેમજ તારીખ ૨૦/૧૦/૧૯૮૯ ના રોજ સદરહું જમીન પૈકીની કેટલીક જમીનનું બાનાખત કરી આપેલ છે. તે ઉપરાંત તારીખ ૦૩/૧૧/૧૯૯૩ નારોજ બાનાખત કરવામાં આવેલ છે. જે બાનાખત ના પેરા નં. ૧૦ માં નીચેનો ઉલ્લેખ કરવામાં આવેલ છે.

| તારીખ | અનું. નંબર | લખી આપનાર | લખી લેનાર |
|---|---|---|---|
| ૦૭/૦૧/૧૯૯૦ | ૧૫૪ | વિઠ્ઠલભાઈ છગનભાઈ તંબોળી, કંચનલાલ અંબાલાલ તંબોળી | પરીખ એસોસીએટસ તરફે ભાગીદાર શ્રી કિશોરભાઈ કૃષ્ણલાલ પરીખ |
| ૨૦/૧૦/૧૯૮૯ | ૧૨૨૮ | વિઠ્ઠલભાઈ છગનભાઈ તંબોળી, કંચનલાલ અંબાલાલ તંબોળી | પરીખ એસોસીએટસ તરફે ભાગીદાર શ્રી કિશોરભાઈ કૃષ્ણલાલ પરીખ |
| ૦૩/૧૧/૧૯૯૩ | --- | વિઠ્ઠલભાઈ છગનભાઈ તંબોળી, કંચનલાલ અંબાલાલ તંબોળી | પરીખ એસોસીએટસ તરફે ભાગીદાર શ્રી કિશોરભાઈ કૃષ્ણલાલ પરીખ |

તારીખ ૦૭/૦૧/૧૯૯૦ ના રોજ અમારી તરફેણમાં કરી આપેલ બાનાખતના પેરા નં. ૧૦ મા નીચે પ્રમાણેનો ઉલ્લેખ કરવામાં આવેલ છે. '' નવીનભાઈ રાઠોડના કેસમાં જયારે નિકાલ થાય ત્યારે અમો લખી આપનારાઓ કોર્ટમાં કોઈ પણ જાતનો વાંધો લીધા વિના સંમતિ આપીશું''

તદંઉપરાંત પ્રતિવાદી નં. ૧ અને ૨ નાઓએ જમીન વેચાણ આપવાનું નકકી કરી તેના અનુસંધાને તારીખ ૦૧/૦૨/૧૯૯૫ ના રોજ ચેકથી રકમ સ્વીકારી તેની પાવતી લખી આપેલ છે. આમ, પ્રતિવાદી નં. ૧, ૨ અને ૩ ના હિતો અલગ હોય પ્રતિવાદી નં. ૧ કે જેઓએ અમોને રજીસ્ટર વેચાણ દસ્તાવેજ કરી આપેલ છે. તે દસ્તાવેજો બાબતે તકરાર લઈ રહેલા છે. તેથી તે હકીકત રેકર્ડ પર લાવવા માટે પ્રતિવાદી નં. ૧ ની ઉલટતપાસ કરવી જરૂરી છે.

પ્રતિવાદી નં. ૧નાએ પ્રતિવાદી નં. ૩ ની તરફેણમાં કરી આપવામાં આવેલ વેચાણ દસ્તાવેજ નીચે મુજબ છે.

| તારીખ | અનું. નંબર | લખી આપનાર | લખી લેનાર |
|---|---|---|---|
| ૩૦/૦૭/૨૦૦૩ | જુનો નં. ૫૦૯૫ અને નવો નં. ૫૫૨૩/૨૦૦૭ | ભાઈલાલાભાઈ વિઠૃલભાઈ તંબોળી, | પરીખ એસોસીએટસ તરફે ભાગીદાર શ્રી કિશોરભાઈ કૃષ્ણલાલ પરીખ |
| ૩૦/૦૭/૨૦૦૩ | જુનો નં. ૫૦૯૬ અને નવો નં. ૫૫૨૪/૨૦૦૭ | ભાઈલાલાભાઈ વિઠૃલભાઈ તંબોળી, | પરીખ એસોસીએટસ તરફે ભાગીદાર શ્રી કિશોરભાઈ કૃષ્ણલાલ પરીખ |
| ૩૦/૦૭/૨૦૦૩ | જુનો નં. ૫૦૯૭ અને નવો નં. ૫૫૨૫/૨૦૦૭ | ભાઈલાલાભાઈ વિઠૃલભાઈ તંબોળી, | પરીખ એસોસીએટસ તરફે ભાગીદાર શ્રી કિશોરભાઈ કૃષ્ણલાલ પરીખ |

સદરહું બાનાખતના કરારોની તથા દસ્તાવેજો જે પ્રતિવાદી નં. ૩ ની

તરફેણમાં કરી આપેલ છે તેહકીકત પ્રતિવાદી નં. ૧ નાએ આપેલ સરતપાસ અંગેના સોગદનામામાં છુપાવેલી છે જે હકીકત રેકર્ડ પર લાવવા માટે ઉલટતપાસ કરવી જરૂરી છે.

હાલના દાવાના કામે વાદીએ તેઓના તમામ હકકો પ્રતિવાદી નં. ૩ ની તરફેણમાં તબદીલ કરેલા છે અને તે અંગે નિ . ૨૭૬ થી આંશિક કરાર દાદ પણ કરવામાં આવેલ છે. જે કરારદાદની સામે હાલના વાદી/પ્રતિવાદી નં. ૧, ૨ નાઓએ વાધો લેવામાં આવેલ નથી કે કરારદાદ રદ કરવા માટે તસદી લેવામાં આવેલ નથી. તેમજ વાદીના હકકો અમોને મળવા પાત્ર છે તેમ છતા પ્રતિવાદી નં. ૧ આ હકીકત રેકર્ડ પર લાવેલ ન હોય પ્રતિવાદી નં. ૧ ની ઉલટતપાસ કરવી જરૂરી છે.

પ્રતિવાદી નં. ૩ નાએ દાવાના કામે જે જવાબ રજુ કર્યો તે જવાબ રજુ કરવા માટે પ્રતિવાદી નં. ૧, ૨નાઓએ જવાબ રજુ કરવાની અરજ આપેલી જેની સામે તેઓએ વાંધો લીધેલો. જો બન્ને પક્ષકારોના હિતો વિરોધાભાસી ન હોય તો પ્રતિવાદીને વાંધો લેવાનો કોઈ હકક કે અધિકાર નથી.

પ્રતિવાદી નં. ૧ અવાર નવાર અલગ અલગ વ્યકિતઓને લખાણ કરી નવા હકકો ઉભા કરવાના પ્રયત્ન કરી રહેલા છે. જે અનુસંધાને પ્રતિવાદી નં. ૧ અને ૨નાઓ તથા પ્રતિવાદી નં. ૩ વચ્ચે અલગ અલગ સમયે દાવા દાખલ થયેલા છે. આમ, તમામ હકીકતો ધ્યાને લેવામાં આવે તો વાદી અને પ્રતિવાદી નં. ૧, ૨ તથા ૩ ના હકકો સ્વતંત્ર અલગ અલગ છે. તેવા સંજોગોમાં પ્રતિવાદી નં. ૩ ઘ્વારા પ્રતિવાદી નં. ૧ ની ઉલટતપાસ કરવામાં ન આવે તો અમારા હકકને નુકશાન થાય તેમ છે.

સદરહું દાવાવાળી જમીનો પૈકી પ્રતિવાદી નં. ૧ ના હિસ્સાની વણવહેચાયેલી જમીનોના દસ્તાવેજ પ્રતિવાદી નં. ૧ નાએ પ્રતિવાદી નં. ૩ ભાગીદારી પેઢીની તરફેણમાં કરી આપેલા છે. તેવા સંજોગોમાં પ્રતિવાદી નં. ૩ નાઓ દાવાવાળી જમીન પૈકીની અડધી જમીનના સ્વતત્ર માલીક અને કબજેદાર થયેલ છે. તેમ છતા પ્રતિવાદી નં. ૧ નાએ તેમના સોગદનામામા વાદીઓની માલીકી કબજાની ખેતીની જમીન મોજે ગામ અટલાદરા તા. જી. વડોદરાની સીમમાં આવેલ છે. જેનો રેવન્યુ સર્વે નં. ૪૫૨ જેનું ક્ષેત્રફળ એ. ૫ ગુંઠા છે તે પૈકી ટી. પી. સ્કીમ પડેલી જેનો ફાઈનલ પ્લોટ નં. ૨ ''અ'' જે ૧૨૯૧૩ ચો. મી. ના ક્ષેત્રફળની છે. પરંતુ તે જમીન પૈકી અડધા હિસ્સાની જમીનના માલીક પ્રતિવાદી નં. ૩ હોવા છતા પ્રતિવાદી નં. ૧ નાએ ખોટું સોગદનામું કરેલ હોય સત્ય હકીકત રેકર્ડ પર લાવવા પ્રતિવાદી નં. ૧ ની ઉલટતપાસ કરવી જરૂરી છે.

દાવવાળી જમીન અંગે પ્રતિવાદી નં. ૩ ઘ્વારા પ્રતિવાદી નં. ૧, ૨

ની સામે સ્પે. દિવાની મુકદમા નં. ૩/૯૪ જેનો નવો નં. ૧૮૨૯/૨૦૧૫ માં વાદીએ પ્રતિવાદી નં. ૧, ૨ નાઓએ પ્રતિવાદી નં. ૩ **ના** હકકોનો ઈન્કાર કરેલ છે. વાદીઓનો દાવો રદ કરવા રજુઆત કરેલ છે. આમ, પ્રતિવાદી નં. ૧, ૨ ધ્વારા અવારનવાર અમારા હકકોનો ઈન્કાર કરેલ હોય તેમજ પ્રતિવાદી નં. ૧ નાએ પણ દસ્તાવેજ કરી આપેલ હોવા છતા પ્રતિવાદી નં. ૩ નાઓ કોઈ હકીકત રેકર્ડ પર લાવવા માંગતા હોય તો તેમા વિરોધ કરી રહેલ છે. જેથી પણ પ્રતિવાદી નં. ૧ ની ઉલટતપાસ કરવી જરૂરી છે.

આ ઉપરાંત આંક–૩૧૬ થી જે મુદ્દા ઘડવામાં આવેલા છે. તે પૈકી મુદ્દા નં. ૯ અને ૧૦ સાબીત કરવાની જવાબદારી પ્રતિવાદી નં. ૩ ની હોવાથી પણ પ્રતિવાદી નં. ૧ અને ૨ ની ઉલટતપાસ કરવી જરૂરી છે. આમ, ઉપરોકત હકીકતો જોતા પ્રતિવાદી નં. ૧, ૨નાઓ પ્રતિવાદી નં. ૩ ની સામે દાવાઓ કરી અમારા હકકો ડુબાડવાનો પ્રયત્ન કરી રહેલા છે. વધુમા પ્રતિવાદી નં. ૩ નાએ હાલના પ્રતિવાદી નં. ૨ સામે દાવા નં. ૧૫૭/૨૦૦૬ દાખલ કરવામાં આવેલ છે. જે દાવાના કામે ના. કોર્ટ ધ્વારા હુકમનામું કરવામાં આવેલ છે. સાચી હકીકત રેકર્ડ પર લાવવા માટે તેમજ હાલના દાવાના કામે કોઈ ચુકાદો આવે તો વિરોધાભાસ ઉભો ના થાય તેવા એક માત્ર કારણસર બન્ને દાવા એક સાથે ચલાવવા ના. કોર્ટ ધ્વારા હુકમ કરવામાં આવેલ છે. આ દાવાની સાથે ચાલતો અન્ય દાવો ૧૮૨૯/૨૦૧૫ ના કામે પ્રતિવાદી નં. ૩નાએ વાદી નં. ૧, ૨ ની સામે દાવાવાળી જમીનનો વિશેષ અમલ કરાવવા દાખલ કરેલો છે. તે સંજોગોમાં વાદી અને  પ્રતિવાદી નં. ૧, ૨ ધ્વારા જે રજુઆત કરવામાં આવેલ છે તે ત્રણેય પ્રતિવાદીઓના હકકો સમાન છે તેવી હકીકત ઉપજાવી કાઢેલ હોય પ્રતિવાદી નં.૧ ની ઉલટતપાસ કરવી જરૂરી છે.

પ્રતિવાદી નં. ૩નાએ દાખલ કરેલ સ્પે. મુ. નં. ૩/૧૯૯૪ ના દાવાના કામે બાનાખતની અમલ બજવણી ન થાય તેવી રજુઆત પ્રતિવાદી નં.૧, ૨ એ કરેલ હોય પ્રતિવાદી નં.  ૧ ની ઉલટતપાસ કરવા પરવાનગી આપવા અરજ કરેલ છે.

(૨) સદર અરજીના સંદર્ભે પ્રતિવાદી નં. ૩ના નીચે મુજબના દસ્તાવેજો રજુ કરેલા છે.

| અનું. નં. | દસ્તાવેજનું વર્ણન | તારીખ |
|---|---|---|
| ૧ | દાવા નં. ૧૮૨૯/૨૦૧૫ ના કામે પ્રતિવાદી નં. ૨ ની સરતપાસ તથા ઉલટતપાસની નકલ | ૨/૫/૨૩ |
| ૨ | દાવા નં. ૩/૧૯૯૪ ના કામે ના.કોર્ટ સમક્ષ રજુ કરવામાં આવેલ લેખીત જવાબ ની નકલ | ૨૫/૧/૧૯૯૪ |

| | | |
|---|---|---|
| ૩ | વડોદરાના સબ રજીસ્ટારશ્રીની કચેરીમાં અનુ.નં. ૧૫૪ ની ઝેરોક્ષ નકલ | ૩૦/૦૭/૨૦૧૮ |
| ૪ | વડોદરાના સબ રજીસ્ટારશ્રીની કચેરીમાં અનુ.નં. ૧૨૨૮૧ ની ઝેરોક્ષ નકલ | ૧૨/૦૧/૨૦૧૮ |
| ૫ | વાદગ્રસ્ત જમીન બાબતે કરવામાં આવેલ કરારની ઝેરોક્ષ નકલ | ૩/૧૧/૧૯૯૩ |
| ૬ | વાદગ્રસ્ત જમીન બાબતે વિઠ્ઠલભાઈ તંબોળી તથા કંચનભાઈ તંબોળી વચ્ચે કરવામાં આવેલ પાવતીની ઝેરોક્ષ નકલ | ૦૧/૦૨/૧૯૯૫ |
| ૭ | મોજે અટલાદરા તા. જી. વડોદરા રેવન્યુ સર્વે નં. ૪૫૬ વાળી જમીન બાબતે બીનખેતીના હુકમની ક્ષતિઓ બાબતના પત્રકની ઝેરોક્ષ | ૧૦/૧/૧૯૫૬ |
| ૮ | વડોદરાના સબ રજીસ્ટારશ્રીની કચેરીમાં અનુ.નં. ૫૫૨૩ ની ઝેરોક્ષ નકલ | ૧૩/૦૬/૨૦૦૭ |
| ૯ | વડોદરાના સબ રજીસ્ટારશ્રીની કચેરીમાં અનુ.નં. ૫૫૨૪ ની ઝેરોક્ષ નકલ | ૧૩/૦૬/૨૦૦૭ |
| ૧૦ | વડોદરાના સબ રજીસ્ટારશ્રીની કચેરીમાં અનુ.નં. ૫૫૨૫ ની ઝેરોક્ષ નકલ | ૧૩/૦૬/૨૦૦૭ |

**(૩)** પ્રતિવાદી નં. ૩નાઓ પ્રતિવાદી નં. ૧ ની ઉલટતપાસ કરવા માટે જે અરજી આપેલ છે. તે અરજીનો પ્રતિવાદી નં. ૨ તરફે આંક–૩૭૬ થી જવાબ રજુ કરેલ છે. જેમાં જણાવ્યા મુજબ પ્રતિવાદી નં. ૩ ની અરજીમાં કાયદાના મહત્વના પ્રશ્નો સમાયેલા છે. પ્રતિવાદી નં. ૩ ની અરજીમાં જે હકીકતો જણાવેલી છે તે હકીકતો એવીડન્સ એકટની કલમ ૧૩૭ તથા ૧૩૮ ના પ્રોવીઝનો કરવામાં આવેલા છે તે પ્રોવીઝનો લાગુ પડતા હોય તો ઉલટતપાસની મંજુરી આપી શકાય, પરંતુ અરજીની હકીકતો જોતા કલમ ૧૩૭ તથા ૧૩૮ ના પ્રોવીઝનો લાગુ પડતા નથી. વધુમા કાયદાની હકીકત પ્રમાણે કયા કયા પ્રશ્નો ઉપર તથા કઈ કઈ હકીકતો ઉપર ઉલટતપાસ કરવા માંગે છે તેવી હકીકત દર્શાવેલ નથી. અરજીમાં જે હકીકત જણાવેલ છે તે પ્રતિવાદી નં. ૩નાએ તેમના કેસની હકીકત જણાવેલ છે અથવા જવાબની હકીકત જણાવેલ છે પરંતુ જવાબની હકીકતોથી પ્રતિવાદીની ઉલટતપાસ થઈ શકે નહી. આ ઉપરાંત પ્રતિવાદી નં. ૩ ને તેમનો કેસ રજુ કરવા માટે પુરાવો લેવાનો બાકી છે. પ્રતિવાદી નં. ૩ નાએ જે વેચાણ દસ્તાવેજની હકીકતોથી જાણી શકાય છે. તેમજ કરારદાદની જે હકીકત જણાવેલ છે તે મુદ્દો વાદી સાથેનો છે. પ્રતિવાદી નં.ર સાથેનો નથી. એ સંજોગોમાં પ્રતિવાદી નં. ૩ આ હકીકતો અંગે તેમના

પુરાવામા રજુઆત કરી શકે છે. પ્રતિવાદી નં. ૩ના પુરાવાના વિરુધ્ધમાં પ્રતિવાદી નં.૧ નાએ કોઈ હકીકત દર્શાવેલ હોય કે કોઈ પુરાવા આપેલ હોય તેવી હકીકતો પ્રતિવાદી નં. ૩ ની અરજીથી જણાઈ આવતી નથી. તે સજોગોમાં એક પ્રતિવાદી બીજા પ્રતિવાદીની ઉલટતપાસ કરી શકે તેવા સંજોગો અને હકીકતો જોવાની થાય છે. અને તે હકીકતો પ્રતિવાદી નં. ૩ બતાવી શકતા હોય તો જ ના. કોર્ટ કાયદાના પ્રોવીઝન પ્રમાણે વ્યાજબી હુકમ કરી શકે છે.

(૪) પ્રતિવાદી નં. ૩નાઓ પ્રતિવાદી નં. ૧ ની ઉલટતપાસ કરવા માટે જે અરજી આપેલ છે. તે અરજીનો પ્રતિવાદી નં. ૧ તરફે આંક–૩૭૭ થી જવાબ રજુ કરેલ છે. જે જવાબની હકીકત જોતા પ્રતિવાદી નં. ૩ ની અરજી કાયદા વિરુધ્ધ ની છે. દાવાના પ્લીડીગ્સ જોતા પ્રતિવાદી નં. ૩ વિરુધ્ધ હાલના કામે કોઈ કોન્ફલીકટીંગ પ્લીડીગ્સ કરેલા નથી કે જુબાની આપેલ નથી. દાવાનો જવાબ તારીખ ૨૮/૦૬/૧૯૯૩ ના રોજ આપેલો છે. જયારે પ્રતિવાદી નં. ૩ નાએ જે જવાબ રજુ કરેલ છે તે સુધારેલ દાવા અરજીનો જવાબ છે જે ૧૨ વર્ષ પછી આપેલ છે. જેથી દાવા તારીખે વાદીના દાવામાં જે બનાવો પક્ષકારો વચ્ચે કરારો, લખાણો થયા હોય તેનો દાવો છે તેમજ પ્રતિવાદી નં. ૧, ૨ નાએ તારીખ ૨૮/૦૬/૧૯૯૩ ના રોજ જે જવાબ આપેલ છે તે અનુસાર પ્રતિવાદી નં. ૧ તરફે જુબાની આપવામાં આવેલ છે. તેમજ અમારા હાલના પ્લીડીગ્સ વાદી સાથે છે. દાવો પ્રતિવાદી નં. ૩ નો નથી. પ્રતિવાદી સાથેના વ્યવહારો સંબધે તેમની વિરુધ્ધમાં પ્લીડીગ્સ કે જુબાની હાલના કામે નથી. વધુમા પ્રતિવાદી નં. ૩ નાએ પેરા નં. ૯ મા દાવાનું કારણ દર્શાવેલ છે. હકીકતમાં હાલના દાવામાં દાવાનું કારણ પેરા નં. ૧૩ માં દર્શાવેલ છે જે તદ્દન ભિન્ન હોય કોઈ બીજા દાવાનો પેરા દર્શાવેલ હોય તેવું જણાઈ આવે છે. હાલનો દાવો તારીખ ૩૦/૦૩/૧૯૯૩ ના રોજ દાખલ થયેલ છે. હાલનો દાવામાં પ્રતિવાદી નં. ૧, ૨ નાએ તારીખ ૨૦/૧૦/૧૯૮૮ ના રોજ વાદી સાથે ટોકન એગ્રીમેન્ટ કરેલ છે તેવું દર્શાવેલ છે. પ્રતિવાદીઓએ હાલના વાદીને કોઈ બાનાખત કરી આપેલ નથી તેવો વાદીનો ખુદનો દાવો છે તેમજ હાલના વાદીએ દાવો કરતા પહેલા સ્પે. મુ. નં. ૪૯૫/૧૯૯૦ તારીખ ૦૪/૦૪/૧૯૯૦ ના રોજ જે દાવો કરેલ તે દાવામાં પ્રતિવાદી નં. ૧, ૨ બાનાખત કરી આપતા નથી તેવું વિધાન કરી દાવો કરેલો. જે દાવો તારીખ ૧૬/૧૧/૨૦૧૬ ના રોજ રદ થયેલ છે. જયારે તે દાવો ચાલુ હતો ત્યારે હાલનો દાવો તારીખ ૩૦/૦૩/૧૯૯૩ ના રોજ કરેલો છે. વાદીએ ૪૯૫/૧૯૯૦ ના દાવામા શ્રેષ્ઠ દાદ માંગીને અને બીજો દાવો કાયદાની જોગવાઈઓનો ભંગ કરીને કરેલ હોય મેઈનટેનેબલ નથી. પ્રતિવાદી નં. ૩

નાએ વાદી સાથે કોઈ સમજુતી કરાર કર્યા હોય તેના કારણે અમોને પ્રેજયુડાઈઝ કે નુકશાન પહોચાડી શકાય નહી અમારો હાલનો દાવો વાદી સામે છે. તે સજોગોમાં વાદી કે પ્રતિવાદી નં. ૩ પ્રતિવાદી નં. ૧ ના વિરુધ્ધ કોઈ કાર્યવાહી કરી શકે નહી.

વાદીએ પ્રતિવાદી નં. ૧, ૨ સાથે બાનાખતનો કરાર કરેલ નથી તે સ્પષ્ટ છે અને પ્રતિવાદી નં. ૩ નાએ મુળ દાવાનો જવાબ ૧૨ વર્ષ સુધી આપેલો નથી. વાદીએ વખતો વખત તેમની મુળ દાદ જે વિકલ્પે ૯૦ લાખની નુકશાની માંગેલી તે વધારીને છેવટે ૮ કરોડની નુકશાની માંગતો દાવા અરજીમાં સુધારો કરવાની અરજી આપેલ છે. તેનો જવાબ આપેલ છે. જે આંક–૧૭૭ થી આપેલ છે. પ્રતિવાદી નં. ૩ નાએ તેમની અરજી ના પેરા નં. ૩ ની નીચે તારીખ ૦૭/૦૧/૧૯૯૦ ના રોજ નવીનભાઈ રાઠોડના કેસમાં જયારે નિકાલ થાય ત્યારે અમો લખી આપનારાઓ કોર્ટમાં કોઈ પણ જાતનો વાંધો લીધા સિવાય સંમતિ આપીશું તે હકીકત ખરી નથી. તેમજ તારીખ ૦૭/૦૧/૧૯૯૦ નો દસ્તાવેજ જે બાનાખત છે તેમાં એવો કોઈ પેરા ૧૦ નથી.

પ્રતિવાદી નં. ૩ ની અરજના પેરા નં. ૩ માં તેઓએ તારીખ ૦૧/૦૨/૧૯૯૫ ના રોજ ચેકની રકમ સંબધે દર્શાવેલ છે. પરંતુ તે દિવસનો અને તે તારીખનો કરાર તારીખ ૦૮/૦૨/૧૯૯૫ ના રોજ નોટરાઈઝ થયેલો તેનું પાલન થયેલ નથી. પ્રતિવાદી નં. ૩ તેમની અરજીના પેરા નં. ૪ માં ત્રણ વેચાણ દસ્તાવેજો સંબધે જણાવેલ છે. પરંતુ હાલનો દાવો તારીખ ૩૦/૦૩/૧૯૯૩ ના રોજ કરવામાં આવેલ છે. જેમા પ્રતિવાદી નં. ૩ શરૂઆતથી પક્ષકારો છે તેમજ પ્રતિવાદી નં. ૩ ના જે વેચાણ દસ્તાવેજનો ઉલ્લેખ કરેલ છે તે અસલ દસ્તાવેજો તેમના કબજામાં છે તે સંબધે હાલનો દાવો નથી. હાલનો દાવો ટોકન એગ્રીમેન્ટ ઉપર આધારીત છે. તેમજ આ દાવાના કામે કોઈ મનાઈ હુકમ આપવામાં આવેલ નથી. પ્રતિવાદી નં. ૧ અને પ્રતિવાદી નં. ૩ વચ્ચે થયેલા વેચાણ દસ્તાવેજો દાવો દાખલ થયા બાદના છે. અને તે સંબધે સ્પે. દાવો ૩૧૬/૨૦૦૭ નો કરેલો છે. હાલનો દાવો વાદીએ જેમને બાનાખત કરી આપેલ નથી તેઓએ કરેલ છે. દાવાના પ્લીડીગ્સ તેમજ પ્રતિવાદી નં. ૩ સામે કરેલ દાવાની કાર્યવાહીમાં હાલના વાદી પક્ષકાર નથી. તેનો અર્થ થાય કે પ્રતિવાદી નં. ૩ ની સાથેના વ્યવહારોની વિગતો તદ્દન જુદી છે. જેથી પ્રતિવાદી નં. ૩ એ પ્રતિવાદી નં. ૨ ની ઉલટતપાસ કરવા પાત્ર રહેતી નથી.

પ્રતિવાદી નં. ૩ અને હાલના વાદી નવીન રાઠોડે એક બીજા સાથે મળી અમારી કોઈ સંમતિ કે સહી વગર એક બીજાના મેળાપીપણામાં ના. કોર્ટને ગેરમાર્ગે દોરી કરારદાદ કરેલ છે અને જે આધારે ના.કોર્ટે વાદી અને પ્રતિવાદી નં. ૩ વચ્ચેનો દાવો ફેસલ કરવામાં આવેલ છે તેવો હુકમ કરેલ છે. જેથી પ્રતિવાદી નં.

૩ને અમારી સામે હાલના દાવાના કામે જયારે અમોએ તેમની સામે કોન્ટેસ્ટ ન  હોય ઉલટતપાસ કરવાની જરૂરીયાત નથી. વાદીને અમોએ કોઈ બાનાખત કરી આપેલ નથી.પ્રતિવાદી નં. ૩ નાએ જે વ્યવહારો અમારી સાથે કર્યા તેમા અમો વાદી પક્ષકાર નથી. વાદી અને પ્રતિવાદી નં. ૩ વચ્ચે ત્રપક્ષી કરાર થયેલ નથી. જેથી પ્રતિવાદી નં. ૩ ને ઉલટતપાસ કરવાની જરૂર નથી. વાદી વિરુધ્ધ અમો પ્રતિવાદીએ જુબાની રજુ કરેલ છે જેથી સહ પ્રતિવાદીને ઉલટતપાસ કરવાની કોઈ જરૂરીયાત નથી. પ્રતિવાદી નં. ૧ અને ૩ વચ્ચે જે દાવાઓ છે તેમાં વાદી પક્ષકાર નથી. જેથી પુરાવા વગરની કાયદા અનુસાર પણ પ્રતિવાદી બીજા સહ પ્રતિવાદીની ઉલટતપાસ કરવા કોઈ કારણ ઉપસ્થિત થયેલ નથી. જેથી પ્રતિવાદી નં. ૩ની હાલની અરજી રદ કરવા અરજ કરેલ છે.

(૫) વાદીએ હાલની અરજી અનુસંધાને કોઈ જવાબ રજુ કરેલ નથી.

(૬) પ્રતિવાદી નં. ૩ તરફે દલીલ કરતા જણાવે છે કે કલમ ૪૩(એ) મુજબ પુર્વ પરવાનગી સિવાય બાનાખત કરી શકાય નહી. તેમની અરજીના અનુરૂપ દલીલ કરી એવી રજુઆત કરેલ છે કે જયારે કોન્ફલીટીગ ઈન્ટરેસ્ટ હોય ત્યારે પ્રતિવાદી સહ પ્રતિવાદીની ઉલટતપાસ કરી શકે. અને ઉલટતપાસ કરવાથી સત્ય હકીકતો ના.કોર્ટના રેકર્ડ ઉપર આવી શકે તેમ છે. જેથી પ્રતિવાદી નં. ૩ ની અરજી મંજુર કરવા અરજ કરેલ છે.

(૭) પ્રતિવાદી નં. ૧ તરફે દલીલ કરતા જણાવે છે કે પ્રતિવાદી નં. ૧ અને ૨ વાદગ્રસ્ત મિલ્કતના માલીક છે. વાદીએ સ્પેસીફીક પરફોર્મન્સ માટેનો દાવો કરેલ છે. પ્રતિવાદી નં. ૧ એ એનો ભાગ પ્રતિવાદી નં. ૩ ને વેચી દીધેલ છે. દાવાનુ કારણ દાવાના પેરા નં. ૯ મુજબનો નથી. પ્રતિવાદી નં. ૩ ની અરજી જોતા પ્રતિવાદી નં. ૧ ની સામે  ખોટા વિધાનો કરેલા છે. જેથી પ્રતિવાદી નં. ૩ ની અરજી નામંજુર કરવા અરજ કરેલ છે.

(૮) વાદી વ. શ્રી ની રજુઆત મુજબ સદર અરજી પ્રતિવાદી નં. ૩ એ આપેલ છે અને તે પ્રતિવાદી નં. ૧ ની ઉલટતપાસ કરવા માટે આપેલ છે. કાયદાના પ્રોવીઝન મુજબ હુકમ કરવામાં આવે તો તેમને કોઈ વાંધો નથી.

(૯) પ્રતિવાદી નં. ૨ તરફે દલીલ કરતા જણાવે છે કે વાદીએ હાલનો દાવો ટોકન

એગ્રીમેન્ટના આધારે કરેલો છે. હાલના દાવામાં કોર્ટે વાદીનો એગ્રીમેન્ટ ડીસાઈડ કરવાનું છે. પ્રતિવાદી તરફે જે રજુઆત કરવામા આવેલ છે તે માટે અલગ અલગ દાવાઓ કરેલા છે. પ્રતિવાદી નં. ૩ ના જણાવ્યા મુજબ તેઓએ વાદીને કરાર દાદ કરી આપેલ છે. પ્રતિવાદી નં. ૧ અને ૨ નાએ કોઈ વાંધો લીધેલ નથી. ઉલટતપાસ જે તે કેસમાં પ્રતિવાદી નં. ૩ લઈ શકે છે. રાજસ્થાન હાઈકોર્ટના ચુકાદા મુજબ અનફેર એડવેનટેજ લેવા માટે પ્રતિવાદી નં. ૩ ઉલટતપાસ કરીશકે નહી. પ્રતિવાદી નં. ૨ નાએ જુબાનીમાં પ્રતિવાદી નં. ૩ વિરુધ્ધ કોઈ હકીકત દર્શાવેલી નથી. કોન્ટ્રોવરસી માટે જુદા દાવાઓ કરેલ છે. જેથી પ્રતિવાદીની હાલની અરજી રદ કરવા અરજ કરેલ છે.

**(૧૦)** સાંભળ્યા, અરજી વંચાણે લીધી. પક્ષકારોના વિ. વ. શ્રીઓએ કરેલ દલીલો ધ્યાને લીધી.

સદર કેસની હકીકત જોવામાં આવે તો વાદીએ હાલનો દાવો કરારના વિશેષ પાલન તથા કાયમી મનાઈ હુકમ મેળવવા માટેનો પ્રતિવાદી નં. ૧, ૨ અને ૩ સામે કરેલ છે. પ્રતિવાદી નં. ૩ ના જણાવ્યા મુજબ પ્રતિવાદી નં. ૧ નાએ બાનાખતના પેરા નં. ૧૦ માં નવીનભાઈ રાઠોડના કેસમાં જયારે નિકાલ થાય ત્યારે લખી આપનારાઓ કોર્ટમાં કોઈ પણ જાતના વાંધો લીધા સિવાય સમંતિ આપીશું. પ્રતિવાદી નં. ૧ નાએ પ્રતિવાદી નં. ૩ ની તરફેણમાં જે કરારો અને દસ્તાવેજો કરી આપેલ છે. તે હકીકત રેકર્ડ પર આવે તે જરૂરી છે.

પ્રતિવાદી નં. ૨ તરફે રજુ થયેલ ચુકાદામાં પ્રતિપાદિત કરેલ સિધ્ધાંત ધ્યાને લીધા. On the law of evidence the view has been expressed that if the witness of a defendant make any satatement which is injuirous to the co defendants they have right to cross examine him. આમ, ઉપરોકત ચુકદામા પ્રસ્થાપિત થયેલ સિધ્ધાંત હાલના કેસને લાગુ પડે છે.

તે જ રીતે પ્રતિવાદી નં. ૩ નાએ AIR 2003 Karnataka 293 નો ચુકાદો રજુ કરેલ છે. જે વંચાણે લેતા Right of cross - examinetion can be exercised by co respondent when there interest is in direct conflict with each other હાલના કેસની હકીકત જોવામાં આવે તો વાદીએ પ્રતિવાદી નં. ૧, ૨ સામે કરારના વિશેષ પાલનનો દાવો કરેલ છે આ ઉપરાંત સદર ચુકાદામાં પ્રસ્થાપિત થયેલ The condiion precedent for giving on opportunity to defendant respondant or a defendant is either from the pleadings of the parties or in the evidence there should exist conflict of the interest between them. Once it is demonstrued that there is a conflict of interest and evidence has been adduced affecting

the interest of co defendant then court before the count could act on that evidence the person against whom the evidence is given should have an opportunity to cross- examine the said withness so that ultimately truth emerges on the basis of which the count can act. આમ, ઉપરોકત જોગવાઈ ધ્યાને લેતા હાલની ઓથોરીટી માં પ્રસ્થાપિત થયેલ સિધ્ધાંતો હાલના કેસને લાગુ પડે છે.

પ્રતિવાદી નં. ૨તરફે Mohamed ziaulla V/s sargra Begum નો ચુકાદો વંચાણે લેતા જયારે બન્ને પક્ષકારોનો ઈન્ટરેસ્ટ કોન્ટ્રાડીકટ થતો હોય ત્યારે એક પ્રતિવાદી સહ પ્રતિવાદીની ઉલટતપાસ કરી શકે. જેથી સદર ચુકાદો પણ હાલના કેસને મદદકર્તા છે.

આમ, ઉપરોકત રેકર્ડ પર થયેલી હકીકતો ધ્યાને લેતા તથા આ જ પક્ષકારો વચ્ચે અનેક દાવાદુવીઓ થયેલ હોવાનું રેકર્ડ પર જણાઈ આવે છે. આમ, અત્રેની કોર્ટ પુરાવાની કોર્ટ છે. જો પ્રતિવાદી નં. ૩ ને પ્રતિવાદી નં. ૧ ની ઉલટતપાસ કરવાની તક આપવામાં આવે તો સત્ય હકીકતો ના.કોર્ટના રેકર્ડ પર આવી શકે જે નામદાર કોર્ટને ન્યાય નિર્ણય કરવામાં મદદરૂપ થાય, તે હેતુ થી પ્રતિવાદી નં. ૩ ની આંક–૩૭૪ નીઅરજી લગત નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**:: હુકમ ::**

- પ્રતિવાદી નં– ૩ ની આંક–૩૭૪ ની અરજી આથી **મંજૂર** કરવામાં આવે છે.
- ખર્ચ અંગે કોઈ હુકમ કરવામાં આવતો નથી.

**હુકમ આજ તારીખ:૦૭.૦૭.૨૦૨૫ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી, સહી કરી જાહેર કરવામાં આવ્યો.**

તા.૦૭.૦૭.૨૦૨૫
વડોદરા

**(એ.એસ.શેખ)**
બીજા એડી.સીનીયર સીવીલ જજ,
વડોદરા.
**(કોડ નં.જીજે ૦૦૮૯૯)**